# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-05-2024** **Evening : 7.50 to 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

------------------------------------------------------------

- ✓ લોકસભાની ચૂંટણીના ત્રીજા તબક્કા માટે પ્રચાર પૂરજોશમાં – આવતીકાલે સાંજે 6 વાગ્યા સુધી જ પ્રચાર કાર્ય કરી શકાશે.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે એનડીએ સરકારનાં છેલ્લાં 10 વર્ષનાં શાસનમાં 25 કરોડ લોકો ગરીબી રેખાની બહાર આવ્યા.
- ✓ ગૃહમંત્રી અમિત શાહે ગુજરાતમાં છોટાઉદેપુર, નવસારી, અને દમણદીવમાં તો પ્રિયંકા ગાંધીએ બનાસકાંઠામાં જાહેર સભા સંબોધી.
- ✓ દિલ્હી કોંગ્રેસના ભૂતપૂર્વ વડા અરવિંદરસિંહ લવલી સહિતના નેતાઓ ભાજપમાં જોડાયા
- ✓ કેરળ અને તમીલનાડુના દરિયાકાંઠા વિસ્તારોના દરિયાઇ તોફાનનું ઓરેન્જ એલર્ટ જાહેર
- ✓ આઇપીએલમાં આજે બેંગલુરુમાં ગુજરાત ટાયટન્સ સામે આરસીબી વચ્ચે મુકાબલો

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM – ALL RALLY & ROAD SHOW -1

લોકસભાની ચૂંટણી માટે પ્રચાર પૂરજોશમાં ચાલી રહ્યો છે. 7મી મેનાં રોજ ગુજરાત સહિતનાં 10 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 93 બેઠકો માટે ત્રીજા તબક્કામાં મતદાન યોજાશે.

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઝારખંડ અને બિહારમાં ચૂંટણી સભાઓને સંબોધન કર્યું હતું. દરભંગા ખાતે જાહેર સભાને સંબોધતા તેમણે જણાવ્યું કે, તેમની ત્રીજી મુદતમાં તેઓ 70 વર્ષથી વધુ ઉંમરનાં તમામ વડીલોને આયુષ્યમાન ભારતનાં લાભો આપશે. તેમણે ચેતવણી આપતા જણાવ્યું કે, ઇન્ડિ ગઠબંધન તૃષ્ટિકરણનાં રાજકારણ માટે ઓબીસી ક્વોટા નાબૂદ કરવા માંગે છે. વિપક્ષોને પડકારતા તેમણે જણાવ્યું કે, તેઓ ઇન્ડિ ગઠબંધનને સફળ નહીં થવા દે.

શ્રી મોદીએ ઝારખંડનાં પલામુ અને ગુમલા જિલ્લાઓમાં ચૂંટણી સંબોધતા જણાવ્યું હતું કે, એનડીએ સરકારનાં છેલ્લાં 10 વર્ષનાં શાસનમાં 25 કરોડ લોકો ગરીબી રેખાની બહાર આવ્યા છે. તેમણે વચન આપ્યું હતું કે, આગામી પાંચ વર્ષ દરમિયાન દેશમાં મફતમાં અનાજ આપવાનું ચાલુ રાખવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, આજ દિવસ સુધી તેમની અને તેમની સરકાર વિરુધ્ધ ભ્રષ્ટાચાર અને કૌભાંડનો એક પણ આક્ષેપ થયો નથી.

વડાપ્રધાન મોદીએ ઉત્તરપ્રદેશનાં કાનપુરમાં રોડ શો પણ યોજ્યો હતો. આ પ્રસંગે તેમની સાથે ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ જોડાયા હતા.

## PM – ALL RALLY & ROAD SHOW -2

દરમિયાન, પાંચમા તબક્કા માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. ઉમેદવારી પાછી ખેંચવા સોમવાર છેલ્લો દિવસ છે.

પાંચમાં તબક્કામાં 20મેનાં રોજ છ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશમાં 49 બેઠકો માટે મતદાન યોજાશે. ઉત્તરપ્રદેશમાં અક હાઇપ્રોફાઇલ બેઠકો માટે શુક્રવારે ઉમેદવારી પત્રો ભરવામાં આવ્યા હતા.

.................

## *AMIT SHAH THREE RALLIES IN GUJARAT*

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ગુજરાત પ્રવાસ દરમિયાન છોટાઉદેપુર, નવસારી અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દિવમાં વિજય સંકલ્પ સભા સંબોધી હતી. દમણ-દીવમાં સભા સંબોધતા શ્રી શાહે કોંગ્રેસ અને ઇન્ડી ગઠબંધન પર લાખો કરોડો રૂપિયાના ભ્રષ્ટાચાર કર્યાનો આક્ષેપ લગાવ્યો હતો.. અહીં તેમણે કહ્યું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રીજી વખત જીતશે એટલે દેશમાંથી આતંકવાદ, નક્સલવાદનો નાશ થશે અને દેશ વિશ્વનું ત્રીજા ક્રમાંકનું અર્થતંત્ર બનશે.

નવસારીના વાંસદામાં ભાજપના વરિષ્ઠ નેતાએ સભા સંબોધતા કહ્યું, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી અહીં જીતશે તો અહીં નક્સલવાદ અને અર્બન નક્સલવાદ અહીં શરૂ થશે.

આ પહેલાં છોટાઉદેપુરના બાડોલીમાં સભા સંબોધતા શ્રી શાહે કહ્યું, અમે વૉટબેન્કથી નથી ડરતા. તેમ જ નાગરિકોને આશ્વાસન આપતા શ્રી શાહે કહ્યું, જ્યાં સુધી ભાજપ શાસનમાં છે, ત્યાં સુધી અનામતને હાથ લગાવવાનો કોઈને અધિકાર નથી. આ મોદીની ગેરન્ટી છે.

.................

## CONGRESS LEADER PRIYANKA GANDHI

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ દેશનાં ખેડૂતો અને શ્રમિકોનાં કલ્યાણ માટે પક્ષની પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

આજે બનાસકાંઠાના લાખાણી ખાતે ચૂંટણી સભાને સંબોધતા સુશ્રી ગાંધીએ જણાવ્યું હતું કે, જો કોંગ્રેસ પક્ષ સત્તા પર આવશે તો તે ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવ સુનિશ્ચિત કરવા માટે કાયમી પંચની નિમણુક કરશે. તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ હંમેશા લોક-કેન્દ્રી પક્ષ રહ્યો છે. કોંગ્રેસની ભારત જોડો યાત્રા ગરીબ અને નબળા વર્ગનાં લોકોની સમસ્યાઓને સાંભળવાનું માધ્યમ હતું. પ્રિયંકા વાડ્રાએ બેરોજગારી, ફુગાવો અને ગરીબ-ધનિકોની આવકમાં વધતી અસમાનતા મુદ્દે શાસક ભાજપની ટીકા કરી હતી.

.................

## *MAYAWATI-AGRA-RALLY*

બહુજન સમાજ પાર્ટીના પ્રમુખ માયાવતીએ આજે આગ્રામાં પાર્ટીના ઉમેદવાર પૂજા અમરોહીના સમર્થનમાં જાહેર સભા યોજી હતી. સુશ્રી માયાવતીએ આરોપ લગાવ્યો કે વધતી મોંઘવારી અને બેરોજગારીના કારણે દેશના લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે ભાજપની ખોટી આર્થિક નીતિઓને કારણે નાના અને મધ્યમ વર્ગના વેપારીઓ પર ખરાબ અસર પડી છે. બસપાના વડાએ કહ્યું કે દેશના લોકોને રોજગાર આપીને જ ગરીબી દૂર કરી શકાય છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ અને ભાજપ બંને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે અનામતની વિરુદ્ધ છે.

.................

## *LOVELY-BJP*

દિલ્હી કોંગ્રેસના ભૂતપુર્વ વડા અરવિંદરસિંહ લવલી આજે નવી દિલ્હીમાં ભાજપના મહામંત્રી વિનોદ તાવડે અને કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીની હાજરીમાં ભાજપમાં જોડાઈ ગયા હતા. તેમની સાથે દિલ્હીના ભૂતપુર્વ મંત્રી રાજકુમાર ચૌહાણ, એઆઇસીસીના ભૂતપુર્વ સેક્રેટરી નસીબ સિંહ, ભૂતપુર્વ ધારાસભ્ય નીરજ બસોયા અને એનએસયુઆઇના ભૂતપુર્વ વડા અમિત મલિક પણ ભાજપમાં જોડાઈ ગયા હતા.

.................

# KERALA-RED-ALERT

ભારતીય રાષ્ટ્રીય મહાસાગર સૂચના સેવા કેન્દ્રએ કેરળ અને તામિલનાડુના દરિયાકાંઠાનાં વિસ્તારોમાં દરિયાઈ તોફાનનાં રેડ એલર્ટને સુધારીને ઓરેન્જ એલર્ટ કર્યું છે. આ ચેતવણી આવતી કાલે રાત્રે સાડા સાત વાગ્યા સુધી જારી રહેવાની સંભાવના છે.

હાલમાં આ કાંઠાના વિસ્તારોમાં દરિયાની સ્થિતિ શાંત છે અને કેરળનાં દરિયાકાંઠે હજુ સુધી સમુદ્રમાં ઊંચી લહેરો નથી ઊઠી રહી. જો કે નીચલા કાંઠાના વિસ્તારોમાં દરિયામાં ઊંચી લહેરો જોઈ શકાય છે. કેરળમાં એલર્ટની સ્થિતિ ચાલુ છે અને કાંઠાનાં વિસ્તારોમાં સાવચેતી રાખવામાં આવી રહી છે. આ સ્થિતિને સ્થાનિક ભાષામાં ‘કલાડકલ’ નાં નામે ઓળખવામાં આવે છે. માછીમારોને ચેતવણી જારી કરીને કેરળનાં દરિયામાં ન જવાની સલાહ આપવામાં આવી છે.

.................

# ENFORCEMENT-AGENCY---TVSN-PRASAD

હરિયાણાના મુખ્ય સચિવ ટીવીએસએન પ્રસાદે કહ્યું કે વિવિધ એજન્સીઓએ આજે 34 કરોડ 77 લાખ રૂપિયાની કિંમતની રોકડ રકમ જપ્ત કરી છે. જપ્તીમાં

રોકડ, દારૂ, ડ્રગ્સ, કિંમતી ધાતુઓ અને અન્ય વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. જપ્તીમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ગેરકાયદેસર પ્રવૃતિઓને અંકુશમાં લેવા માટે કડક પગલાંની રૂપરેખા આપવામાં આવી છે.

.................

## CONGRESS-LEADER-DETENTION

કેન્દ્રીય ગૃહમંત્રીના વીડિયો સાથે કથિત ચેડા કરવાના કેસમાં દિલ્હીની એક અદાલતે આજે અરુણ રેડ્ડીને ત્રણ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો છે. આરોપી રેડ્ડી 'સ્પિરિટ ઑફ કૉંગ્રેસ' એક્સ એકાઉન્ટનું ધ્યાન રાખતા હતા અને પક્ષના સોશિયલ મીડિયાના રાષ્ટ્રીય સંયોજક છે.

અમિત શાહની આ તસવીર તેલંગાણા કોંગ્રેસના સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરવામાં આવી હતી. દિલ્હી પોલીસે આ કેસમાં તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીને પણ સમન્સ પાઠવ્યા હતા.

તેલંગાણા પ્રદેશ ભાજપે મુખ્યમંત્રી અને કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ રેવન્ત રેડ્ડી વિરુદ્ધ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં અમિત શાહના ભાષણ સાથે છેડછાડ કરીને તેમાં ફેરફાર કરવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

તેલંગાણા કોંગ્રેસના પ્રભારી અને સાંસદ મણિકમ ટાગોરે આ મામલે કેન્દ્ર સરકાર પર સત્તાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે.

.................

## *NIRMALA SITHARAMAN PUNE*

કેન્દ્ર સરકારે વિકસિત ભારતનો પાયો નાખવામાં ઉચ્ચ શિક્ષણની મહત્વપૂર્ણ ભૂમિકાને ઓળખીને નવી શિક્ષણ નીતિને પ્રાથમિકતા આપી છે એમ કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં પુણેની ડેક્કન કૉલેજ ડીમ્ડ યુનિવર્સિટીના એક કાર્યક્રમમાં તેમણે જણાવ્યું હતું કે, 2014 પહેલાં ત્રણથી ચાર દાયકા સુધી તત્કાલીન કેન્દ્ર સરકારો દ્વારા ઉચ્ચ શિક્ષણ માટે કોઇ નોંધપાત્ર જોગવાઈ કરવામાં આવી નહતી. તેમણે ઉમેર્યું હતું કે, વેપાર સંબંધિત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કરવામાં આઇઆઇટી અને એઇમ્સે પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

.................

## INDIAN-CONSULATE-DUBAI

દુબઈમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે આજે કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ અંગે 'વીકએન્ડ ઓપન હાઉસ' સત્રનું આયોજન કર્યું હતું. કોન્સ્યુલ જનરલ શ્રી સતીશ કુમાર

સિવાનની અધ્યક્ષતામાં, ઇન્ટરેક્ટિવ ઇવેન્ટમાં 100 થી વધુ ભારતીય નાગરિકો હાજર રહ્યા હતા.

શ્રી સિવને જણાવ્યું હતું કે વીકએન્ડ ઓપન હાઉસનો ઉદ્દેશ્ય દુબઈ અને ઉત્તર અમીરાતમાં વસતા વિશાળ ભારતીય સમુદાયના સભ્યોને પડતી સમસ્યાઓનું સમયસર નિરાકરણ લાવવાનો છે. તેમણે કોન્સ્યુલેટના પ્રયાસોને સતત સમર્થન આપવા બદલ UAE સત્તાવાળાઓ અને ભારતીય સમુદાયનો આભાર વ્યક્ત કર્યો હતો.

કાનૂની નિષ્ણાતો અને સમુદાય સ્વયંસેવકોની એક ટીમ પણ યુએઈમાં ભારતીયોને અસર કરતી કોન્સ્યુલર અને કાનૂની બાબતોથી સંબંધિત સમસ્યાનાં ઉકેલમાં મદદ કરવા માટે હાજર હતી. આ પ્રસંગે પાસપોર્ટ સંબંધિત સેવાઓ, વિઝા અને OCI, શિક્ષણ, શ્રમ અને કલ્યાણ, હાઉસમેઇડ મુદ્દાઓ, વેપાર અને વાણિજ્ય સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

UAE અંદાજિત 3.5 મિલિયન ભારતીયો વસે છે, જેમાંથી મોટા ભાગના દુબઈ અને ઉત્તરી અમીરાતમાં છે. ઓપન હાઉસ મિશન અને ડાયસ્પોરા વચ્ચે મહત્વપૂર્ણ મધ્યસ્થી તરીકે કામ કરે છે.

.................

## *IPL MATCH..RCB-GUJ TITANS*

બેંગલુરુનાં એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે આઇપીએલની મેચમાં ગુજરાત ટાયટન્સ સામે આરસીબીએ ટોસ જીતીને બોલિંગ લીધી.

બંને ટીમો વર્તમાન આઇપીએલમાં કુલ ચાર વાર ટકરાઈ છે, જેમાં બંનેએ બે-બે મેચમાં વિજય મેળવ્યો છે.

.................

## *INDIA SWEDEN*

ભારત અને સ્વીડને ગઈકાલે સ્વીડનની રાજધાની સ્ટૉકહૉમમાં વિદેશ કાર્યાલય પરામર્શના સાતમા સત્રનું આયોજન કર્યું હતું. તે દરમિયાન બંને દેશે દ્વિપક્ષીય સહયોગના તમામ ક્ષેત્રમાં વિકાસની તમામ પહેલનું સ્વાગત કર્યું છે. બંને પક્ષે વેપાર, નવીનતા અને રોકાણ ક્ષેત્રમાં વિકાસ પર વિચારવિમર્શ કર્યો હતો.

તે દરમિયાન સેમિકન્ડક્ટર, લીલા ઇંધણમાંથી બનેલા સ્ટિલ અને લીલી બેટરી જેવી નવી ઉભરતી તકનીક પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂરિયાત પર ભાર મુકવામાં આવ્યો હતો. આ સત્રમાં ભારતીય વિદેશ મંત્રાલયના સચિવ પવન કપૂર અને સ્વીડનનું નેતૃત્વ ત્યાંના વિદેશ મામલાના સચિવ જન ક્નૂટ્સને કર્યું હતું.

.................